# નરેન્દ્રપ્રભસૂરિના **અલંકારમહોદધિ** માં **સરસ્વતીકંઠાભરણ**નાં ઉદ્ધરણો - એક અધ્યયન

પારુલ માંકડ

વસ્તુ-તેજયુગ(ઈસવીસન ૧૩મી સદી પૂર્વાર્ધ)માં થયેલા નરેન્દ્રપ્રભસૂરિનો '**અલંકારમહોદધિ**' ( **અલં॰ મહો॰** ) ગ્રંથ પ્રસિદ્ધ છે, જેમાં વસ્તુપાળની વિનંતિથી અને વિદ્યાગુરુ નરચન્દ્રસૂરિની આજ્ઞાથી ૮ તરંગોમાં મહદંશે સમસ્ત અલંકારશાસ્ત્રને લગતી સામગ્રીનું સમન્વયાત્મક નિરૂપણ કરવામાં આવ્યું છે. નરેન્દ્રપ્રભસૂરિ ધ્વનિવાદી આલંકારિક છે, એટલે કે 'કાશ્મીરી પરંપરા'ને અનુસરે છે. આ કારણસર તેમણે નિરૂપેલાં કાવ્યનાં લક્ષણ, પ્રકારો, શબ્દની શક્તિઓ, રસમીમાંસા, ગુણ, અને અલંકારચિંતન વગેરેમાં આનંદવર્ધન, મમ્મટ, અને હેમચન્દ્રનું અનુકરણ-અનુસરણ અને અનુચિંતન સ્પષ્ટ રૂપે છતું થાય છે. આમ છતાં નરેન્દ્રપ્રભસૂરિ દંડી, વામન, અને ભોજનું પણ અનુકરણ—અનુસરણ કરે છે. એમ તો કુંતકનો પ્રભાવ પણ અછતો નથી રહેતો. છતાં નરેન્દ્રપ્રભનો પ્રધાન સૂર ધ્વનિવાદ પ્રત્યે ઢળેલો હોય એમ જણાય છે. ભોજની પરંપરાને કાવ્યશાસ્ત્રમાં 'માલવપરંપરા' તરીકે અલગ પાડી શકાય[૧]. ભોજમાં રસવિવેચનમાં નિજી સિદ્ધાંતચર્ચા આવે છે, બાકી કાવ્યલક્ષણ, ગુણ, અલંકારવિવેચન, રીતિ, વૃત્તિ વગેરેમાં કાવ્યશાસ્ત્રના ઇતર પ્રવાહોનું સંમિશ્રણ વિશેષ જોવા મળે છે. તેમનામાં આનંદવર્ધનની જેમ રસધ્વનિસંગમે આ પ્રવાહોનું સંમિલન નથી સાધી શકાયું. પરંતુ કોણ જાણે કેમ નરેન્દ્રપ્રભસૂરિ પર ભોજનો—ખાસ કરીને તેમના ગ્રંથ **સરસ્વતીકંઠાભરણ (स॰ कं॰)**નો—પ્રભાવ વરતાય છે.

આનંદવર્ધન અને અભિનવગુપ્તપાદાચાર્યના દિગ્વિજય પછી કાવ્યશાસ્ત્રના અન્ય આચાર્યોએ તેમને જ અંજલિઓ સહિત વંદના કરી છે. ભટ્ટનાયક અને મહિમભટ્ટ જેવા સમર્થ પ્રતિસ્પર્ધીઓને મહાત કરવામાં એકમાત્ર મમ્મટ્ટ જ પૂરતા હતા. વળી કુંતક, મહિમભટ્ટ, અને ભોજ પણ પ્રતીયમાન તત્ત્વને તો સ્વીકારે જ છે. તેમનો મુખ્ય વિરોધ તો વ્યંજનાશક્તિ સામેનો છે. જગન્નાથ થોડાં નવીન પ્રદાનો સાથે અંતે તો ધ્વનિસિદ્ધાંતના જ સમર્થક, પ્રસારક, અને અનુમન્તા બની રહે છે. નરેન્દ્રપ્રભસૂરિ પણ હેમચન્દ્રની જેમ આનંદવર્ધન અને અભિનવગુપ્તનો ધ્વનિસિદ્ધાંત જ સ્વીકારે છે. પરંતુ કંઈક નવી કેડી, થોડી જુદી તરી આવતી કેડીની રચના કરવાની ધૂનને લીધે **અલં॰ મહો॰**માં તેઓ અવારનવાર **સરસ્વતીકંઠાભરણ**નાં ઉદ્ધરણો ઉદ્ધરે છે. આ ચેષ્ટા અલબત્ત પ્રકારો અને પેટા પ્રકારો પૂરતી જ સીમિત છે. વસ્તુતયા મૂળ પોતને નરેન્દ્રપ્રભે આંચ આવવા દીધી નથી. નરેન્દ્રપ્રભે આશરે ૬૦ પદ્યો **स॰ कं॰**માંથી ઉદ્ધર્યાં છે. આ બતાવે છે કે નરેન્દ્રપ્રભસૂરિ પર ભોજનો વિશિષ્ટ પ્રભાવ હતો. જો કે આપણે જોઈશું કે તેઓ પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને આ પદ્યોમાંથી કેટલાંકનો વિનિયોગ પણ યોગ્ય રીતે કરે છે. સમય અને શક્તિની મર્યાદાને ધ્યાનમાં લઈને આપણે ભોજ અને નરેન્દ્રપ્રભસૂરિનાં મંતવ્યોનું અધ્યયન કેવળ સાદૃશ્યકમૂલક અલંકારો પૂરતું જ સીમિત કર્યું છે. એમાં ભોજની અસરની નોંધ, અને જરૂર જણાશે ત્યાં તુલનાત્મક વિવેચન પણ કરવામાં આવશે.

અર્થાલંકારનો પ્રારંભ નરેન્દ્રપ્રભે અતિશયોક્તિથી કર્યો છે, તે પછી તેમણે સહોક્તિને અતિશયોક્તિની સબ્રહ્મચારી ગણી બીજે ક્રમે મૂકી છે. સહોક્તિ અલંકારમાં સહાર્થના યોગમાં મુખ્ય અને ગૌણ પદાર્થોનો યોગ થાય છે. આમાં ક્રિયારૂપ ધર્મના ઉદાહરણ તરીકે નરેન્દ્રપ્રભસૂરિ ભોજે આપેલ[૨] ઉદાહરણ આપે છે, જેમ કે,

कोकिलालापमधुराः सुगन्धिवनवायवः  
यान्ति सार्धं जनानन्दैर्वृद्धिं सुरभिवासराः ॥  
- (**अलं॰ महो॰** ८/६२९, पृ॰ २३१, **स॰ कं॰** ४/१२९, पृ॰ ४८१)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરેન્દ્રપ્રભસૂરિ અહીં સાધારણધર્મને ક્રિયારૂપ માને છે[3]. વિશેષમાં તેઓ નોંધે છે કે, અહીં જે ધર્મ (= સાધારણ ધર્મ)નો સંબન્ધ છે તે દિવસ માટે શાબ્દ છે અને જનાનન્દ માટે આર્થ છે.

ભોજ આને કર્તૃવિવિક્ત ક્રિયાસમાવેશનું ઉદાહરણ માને છે. તેઓ અહીં વસંતના દિવસોને જ કર્ત્તા માને છે, જે લોકોના આનંદ સાથે વધતી ક્રિયામાં સમાવિષ્ટ થઈ જાય છે. આમ કર્ત્તા કેવળ એક છે[૪]. આ વૈસાદશ્યવતી સહોક્તિ છે.

સ્પષ્ટ રીતે જ નરેન્દ્રપ્રભસૂરિએ માત્ર ઉદાહરણ જ **स॰ कं॰** માંથી લીધું છે, અન્યથા ભોજથી તેઓ જુદા પડે છે. તેમણે દિવસ અને લોકોનો આનંદ એમ બન્નેને કર્તૃભૂત માન્યા છે. ક્રિયારૂપ ધર્મ એક જ છે. આમ ક્રિયારૂપ સાધારણધર્મવાળી સહોક્તિ વર્ણવી છે. નરેન્દ્રપ્રભ અહીં દંડી પ્રત્યે ઢળતા જણાય છે[૫]. પરંતુ દંડીએ ક્રિયાની દૃષ્ટિએ અને નરેન્દ્રપ્રભે ધર્મની દૃષ્ટિએ ભેદ બતાવ્યો છે. આમ દંડી-ભોજમાંથી પદ્ય સ્વીકાર્યું હોવા છતાં નરેન્દ્રપ્રભનો અભિગમ તે બન્નેથી જુદો છે.

ક્રિયારૂપ ધર્મવાળી સહોક્તિનું એક બીજું ઉદાહરણ પણ નરેન્દ્રપ્રભે **स॰ कं॰** માંથી ઉદ્ધર્યું છે. એ પદ્ય **ગાથાસપ્તશતી**નું છે. બન્નેમાં બીજી પંક્તિમાં પાઠભેદ હોઈ આપણે અત્રે બન્ને ઉદ્ધરીશું :

उज्झसि पियाइ समयं तह वि अरे । भणसि कीस किसिंअति ।
उ अरिभरेण अयाणुअ । मुयइ बइल्लो वि अंगाई ॥

– (**अलं॰ महो॰** पृ॰ २३२)

છાયા આ પ્રમાણે છે.

उह्यसे प्रियया समदं तथापि अरे । भणसि कथं कृशितेति ।
पश्यारिभरेणाज्ञ । मुञ्चति बलीवर्दोऽप्यङ्गानि ॥

નરેન્દ્રપ્રભ આ ઉદાહરણને ક્રિયારૂપ ધર્મૈક્યનું માને છે[૬]. અહીં કર્મરૂપે પ્રયોજાયેલાં યુષ્મદર્થ અને પ્રિયા - બન્ને 'उह्यसे'એ ક્રિયારૂપ એક સાધારણધર્મથી જોડાયેલાં છે.

ભોજમાં આ ઉદાહરણમાં દ્વિતીય પંક્તિનો પાઠ જુદો છે :-

उवरिभरेण अ अण्णुअ मुअइ बइल्लो वि अङ्गाइं ॥

છાયા-

उपरिभरेण च हे अज्ञ मुञ्चति वृषभोऽप्यङ्गानि ॥

ભોજ અહીં સંબોધ્યમાન એવો યુષ્મદર્થ (= त्वं) કર્મત્વને પ્રાપ્ત થયો છે — उह्यसे — એ રીતે તે ક્રિયામાં 'કેવળ' રૂપે છે - એમ સમજાવે છે. તે ક્રિયાપદાર્થ સાથે સમાવિષ્ટ થયો છે. આથી આ 'વિવિક્ત કર્મક્રિયાસમાવેશા' - જેમાં ક્રિયામાં કેવળ = એકલા કર્મનો સમાવેશ થયો છે, તેવી સહોક્તિ છે[૭]. આ પણ ભોજના મતે વૈસાદશ્યા સહોક્તિ છે. આમ નરેન્દ્રપ્રભે ભોજમાંથી ઉદ્ધરણ લીધું છે. એટલું જ, બાકી અભિગમ અલગ છે. બન્નેએ **ગાથાસપ્તશતી**માંથી આ પદ્ય સ્વતંત્ર રીતે લીધું હોય તેમ પણ બની શકે.

એ પછી धीरेण समं॰ વગેરે ઉદાહરણ નરેન્દ્રપ્રભે **स॰ कं॰**માંથી ગ્રહણ કર્યું છે, અને રુય્યકાદિના પ્રભાવ નીચે માલારૂપી દીપકોપસ્કૃતા સહોક્તિ તરીકે ઘટાવ્યું છે. ઉદાહરણ આ મુજબ છે :

धीरेण समं जामा हिअएण समं अणिट्ठिआ उवएसा ।
उत्सा(च्छा)हेण सह भुआ बाहेण समं गलंति से उल्लावा ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છાયા

धैर्येण समं यामा हृदयेन सममनिष्ठिता उपदेशाः ।
उत्साहेन समं भुजौ बाष्पेण समं गलन्ति तस्य उल्लापाः ॥

**(अलं॰ महो॰** पृ॰ २३२, **स॰ कं॰** पृ॰ ४८३)

નરેન્દ્રપ્રભ વિવરણ કરતાં જણાવે છે કે અહીં 'गलन्ति' = ગળે છે એ ક્રિયારૂપ ધર્મનું (અન્ય) સર્વ પદાર્થો (એટલે કે ધૈર્ય, રાત્રિ, હૃદય, ઉપદેશો વગેરે) પ્રત્યે એકધર્મત્વ છે. આથી આ દીપક પણ છે[૮].

ભોજ આને કર્ત્તાના અવિવિક્ત (મિશ્રરૂપે) ક્રિયાસમાવેશનું ઉદાહરણ માને છે. તેમના મત પ્રમાણે અહીં યામા વગેરે ઘણા બધાનું ધૈર્ય વગેરે સાથે ગલનક્રિયામાં એકત્વ જ અવિવિક્ત રૂપે સમાવિષ્ટ જણાય છે. આ પણ વૈસાદશ્યવતી સહોક્તિ છે[૯].

આમ પ્રસ્તુત ઉદાહરણની બાબતમાં પણ એમ જ કહેવાનું રહે કે નરેન્દ્રપ્રભે **स॰ कं॰**માંથી ઉદાહરણ સ્વીકાર્યું છે એટલું જ, પરંતુ તેમનું વલણ ભોજથી જુદું છે.

ગુણરૂપધર્મવાળી સહોક્તિનું ઉદાહરણ પણ નરેન્દ્રપ્રભે ભોજના **स॰ कं॰**માંથી ગ્રહ્યું છે : જુઓ :

सह दीर्घा मम श्वासैरिमाः सम्प्रति रात्रयः ।
पाण्डुराश्च ममैवाङ्गैः सह ताश्चन्द्रभूषणाः ॥

– **(अलं॰ महो॰** पृ॰ २३३, **स॰ कं॰** पृ॰ ४८४)

નરેન્દ્રપ્રભસૂરિ નાનકડી નોંધ મૂકતાં કહે છે – અહીં રાત્રિઓનું, શ્વાસોનું, અને અંગોનું અનુક્રમે દીર્ઘતા અને પાંડુતારૂપી ગુણો સાથે એકધર્મત્વ છે[૧૦]. આમ આ ગુણરૂપ ધર્મવાળી સહોક્તિ છે[૧૧].

ભોજે સહેજ વિસ્તારથી સમજાવ્યું છે કે, અહીં રાત્રિઓની દીર્ઘતા છે અને પાંડુરતા પણ છે. દીર્ઘત્વ અને પાંડુરત્વ એ બન્ને ગુણોનો અભેદથી રાત્રિઓમાં સમાવેશ થયો છે તથા શ્વાસ અને અંગ એ બન્નેનો એકસાથે સમાવેશ થયેલો જોવા મળે છે. 'इवादि'નો પ્રયોગ નથી છતાં પણ સસાદશ્યા સહોક્તિ છે[૧૨].

આમ નરેન્દ્રપ્રભ **स॰ कं॰**નું આ ઉદાહરણ અને અભિગમ સ્વીકારે છે. ફરક એટલો કે નરેન્દ્રપ્રભે ટૂંકી નોંધ દ્વારા જ સમજાવ્યું છે, જ્યારે ભોજે ખૂબ વિસ્તારથી સમજાવ્યું છે.

નરેન્દ્રપ્રભે ઉપમાલંકારની ચર્ચા દરમ્યાન ભોજે વાક્યોપમા માટે જે ઉદાહરણ આપ્યું છે તે જ આપ્યું છે. યથા :

कमलमिव चारु वदनं मृणालमिव कोमलं भुजायुगलम् ।
अलिमालेव च नीला तवैव मदिरेक्षणे ! कबरी ॥

– **(अलं॰ महो॰** पृ॰ २३५, **स॰ कं॰** पृ॰ ४०५)

નરેન્દ્રપ્રભે **વાક્યોપમા** માટે જ આ ઉદાહરણ સ્વીકાર્યું છે ને ત્યાં તેમણે કોઈ વિશેષ નોંધ નથી આપી. ભોજમાં **'नीला'** ને બદલે **'सुनीला'** પાઠ છે. તેમના મત પ્રમાણે અહીં કમળ, મૃણાલ, ભ્રમરોની હારમાળા, વગેરે ઉપમાનો, इवादि દ્યોતક, તુલ્યધર્મ, અને ઉપમેયવાચક એમ ચાર પદાર્થોનો પૃથક્ પૃથક્ પ્રયોગ હોતાં બે પદાર્થોના સાદશ્યને કહ્યું હોવાથી આ 'પૂર્ણા' નામની પદાર્થોપમામાં વાક્યાર્થોપમાનો એક ભેદ છે[૧૩].

**વાક્યોપમા**માં ધર્મલુપ્તા ઉપમાનું ઉદાહરણ નરેન્દ્રપ્રભ ભોજને અનુસરીને આપે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

राजीवमिव ते वक्त्रं नेत्रे नीलोत्पले इव ।
रम्भास्तम्भाविवोरू च करिकुम्भाविव स्तनौ ॥

– (**अलं॰ महो॰** पृ॰ २३८, **स॰ कं॰** पृ॰ ४०६)

નરેન્દ્રપ્રભ અહીં સાધારણધર્મનો લોપ છે એટલું જ નોંધે છે (પૃ૦ ૨૩૭). ભોજ નોંધે છે કે અહીં સામાન્યધર્મનો લોપ થયો છે. ભોજના ટીકાકાર રત્નેશ્વરના મત પ્રમાણે 'કાન્તિ' વગેરે સાધારણધર્મ લુપ્ત થયો છે. સાદશ્ય પ્રતીયમાન છે. ઉપમાનોપમેયત્વ પરિપૂર્ણ હોવાથી લુપ્તપૂર્ણા નામની ઉપમા છે[૧૪].

દ્યોતકલુપ્તા નામના ઉપમાભેદનું ઉદાહરણ નરેન્દ્રપ્રભે ભોજના **स॰ कं॰** ને આધારે આપ્યું છે.

त्वन्मुखं पुण्डरीकं च फुल्ले सुरभिगन्धिनी ।
कोमलापटलौ तन्वि ! पल्लवश्चाधरश्च ते ॥

– (**अलं॰ महो॰** पृ॰ २३८, **स॰ कं॰** पृ॰ ४०६)

નરેન્દ્રપ્રભ નોંધે છે કે અહીં દ્યોતકનો (એટલે કે इवादिनो) લોપ છે. ભોજ પણ આને દ્યોતકલુપ્તા માને છે[૧૫]. ભોજના ટીકાકાર રત્નેશ્વર પ્રમાણે એકાર્થના પ્રયોજનથી અહીં મુખ અને પદ્મ બન્નેનું પ્રધાન અને અંગભાવ વડે અભિધાન છે[૧૬]. આ પ્રકારની બાબતમાં એમ કહી શકાય કે ઉદાહરણ અને પ્રકારસ્વરૂપ બન્નેમાં નરેન્દ્રપ્રભ ભોજને અનુસર્યા છે.

ઉપમાપ્રકારોની અંતર્ગત જ નરેન્દ્રપ્રભે સમાસમાં દ્યોતકના લોપનું ઉદાહરણ ભોજ પ્રમાણે આપ્યું છે : જુઓ

मुखमिन्दुसुन्दरं ते बिसकिसलयकोमले भुजालतिके ।
जघनस्थली च सुन्दरि ! तव शैलशिलाविशालेति ॥[१७]

– (**अलं॰ महो॰** पृ॰ २३७, **स॰ कं॰** पृ॰ ४००)

નરેન્દ્રપ્રભ અહીં દ્યોતકનો લોપ છે એટલી જ નોંધ મૂકે છે, ઝીણું કાંતતા નથી, જ્યારે ભોજ આને અંતર્ગતઇવાર્થ જેમાં છે તેવી સમાસોપમામાં 'પદોપમા' નામનો પ્રકાર માને છે.

પ્રત્યયમાં દ્યોતકનો લોપ એ ઉપમાપ્રકારને સ્પષ્ટ કરતાં નરેન્દ્રપ્રભ ભોજના **स॰ कं॰** નું ઉદ્ધરણ જ પસંદ કરે છે. જેમ કે,

सूर्यीयति सुधारश्मिमनाथतिमृतायते ।
मृतस्य कान्ताविरहे स्वर्गेऽपि नरकायते ॥[१८]

– (**अलं॰ महो॰** पृ॰ २३८, **स॰ कं॰** पृ॰ ४०४)

નરેન્દ્રપ્રભ નોંધે છે કે, अनाथति'માં દ્યોતક અને સાધારણધર્મ બન્નેનો લોપ થયો છે. ભોજ પ્રમાણે सूर्यीयति॰ વગેરેમાં આચરણક્રિયા છે, જે ઉપમાન અને ઉપમેય બન્નેમાં સાધારણ છે. પ્રસ્તુત ઉદાહરણમાં પણ નરેન્દ્રપ્રભ ઉદાહરણ પૂરતા જ ભોજને અનુસર્યા છે, ભોજ જેટલી દીર્ઘ ચર્ચા કરતા નથી.

પુનઃ દ્યોતકના લોપમાં જ પ્રત્યયોપમાનું ઉદાહરણ નરેન્દ્રપ્રભ ભોજ પ્રમાણે ટાંકે છે : જેમ કે,

हंसो ध्वाङ्क्षविरावी स्यादुष्ट्रक्रोशी च कोकिलः ।
खरनादी मयूरोऽपि त्वं चेद्वदसि वाग्मिनि ॥

– (**अलं॰ महो॰** पृ॰ २३८, **स॰ कं॰** पृ॰ ४०२)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરેન્દ્રપ્રભ कर्तुर्णिन् (૫ / ૧ / ૧૫૩) એ સિદ્ધહેમનું સૂત્ર ટાંકીને 'णिनि' પ્રત્યયમાં ઘોતકલોપ થયો છે એમ નોંધે છે. (પૃ૦ ૨૩૮) विरौति० ઇત્યાદિમાં 'णिन्' પ્રત્યય છે તેમાં 'इवादि' ઘોતકનો લોપ થયો છે[૧૯]. જ્યારે ભોજ कर्तर्युपमाने (**पाणिनि** सूत्र ૩।૨।૭૯) ટાંકીને 'ઉપમાનમાં ઉપપદમાં 'કાગડાની જેમ બોલે છે' એમ સામાનાધિકરણ્ય વડે કર્ત્તામાં જ પ્રત્યય ઉપમેયને માટે યોજાયો છે એમ સમજાવે છે. આ પ્રત્યયોપમામાં પદોપમા નામનો ભેદ છે એમ પણ તેઓ નોંધે છે[૨૦].

સ્પષ્ટ છે કે પ્રસ્તુત ઉદાહરણ માત્ર જ નરેન્દ્રપ્રભે **स० कं०**માંથી આપ્યું છે, બાકી તેમનું વલણ ભોજથી જુદું છે. તેઓ હેમચન્દ્રને અનુસર્યા છે.

ઉપમાપ્રકારોમાં સાધારણધર્મના લોપમાં નરેન્દ્રપ્રભસૂરિ ભોજે આપેલ ઉદાહરણ આપે છે. જેમ કે,

पूर्णेन्दुकल्पवदना मृणालीदेश्यदोर्लता ।
चक्रदेशीयजघना सा स्वप्नेऽपि न दृश्यते ॥

– (**अलं० महो०** पृ० ૨૩૮, **स० कं०** पृ० ૪૦૩)

નરેન્દ્રપ્રભ અનુસાર અહીં ધર્મનો લોપ થયો છે, પરંતુ તે કલ્પત્વ વગેરે વડે સાક્ષાત્ કહ્યો છે. **ईषद** થોડુંક સહેજ-અપરિસમાપ્ત અપૂર્ણ એટલે પૂર્ણચન્દ્ર જેવું એવો અર્થ છે. આથી 'પૂર્ણેન્દુ' જ એમ નહીં, માટે **રૂપક**ની શંકા કરવી નહીં[૨૧].

જ્યારે ભોજ આને ઉપમાનાર્થે પ્રત્યયનું ઉદાહરણ માને છે. તેમના મતે પૂર્ણેન્દુ વગેરે ઉપમાનભૂત શબ્દો ઉપમેયભૂત વદન વગેરેમાં રહેલા છે. આ કલ્પ વગેરે (ઈષદ્ અસમાપ્ત) શબ્દો સ્વાર્થિક છે, છતાં શબ્દશક્તિના સ્વભાવથી ગુણભૂત બનેલા ઉપમાનાર્થમાત્રને જ કહે છે, જે ઉપચારથી ઉપમેયવૃત્તિવાળા હોય છે. (પૃ૦ ૪૦૩)

यान्त्या मुहुर्वलित० વગેરે ઉદાહરણ પણ નરેન્દ્રપ્રભે ભોજમાંથી ગ્રહ્યું છે; પરંતુ ભોજમાં તે અલંકારના ઉદાહરણ તરીકે નથી, રસના અનુબન્ધના ઉદાહરણરૂપે અપાયેલું છે. (**स० कं०** पृ० ૫૭૨) જ્યારે નરેન્દ્રપ્રભસૂરિ પ્રતિવસ્તૂપમાની જેમ જેમાં ઉપમેય અને ઉપમાનના ધર્મોનો પૃથક્ પૃથક્ નિર્દેશ થયો હોય તેવા ઉપમાના પ્રકારવિશેષ તરીકે તેને ઉદ્ધૃત કરે છે. (**अलं० महो०** पृ० ૨૩૯).

રુય્યક વગેરેમાં પણ આવતા બિંબપ્રતિબિંબભાવની સુંદરતાના ઉદાહરણ पाण्डयोऽयं० પરત્વે નરેન્દ્રપ્રભ અને ભોજ જુદું વલણ ધરાવે છે. નરેન્દ્રપ્રભે ઉપમાના આ ઉદાહરણમાં રુય્યકને અનુસરીને દૃષ્ટાંતની જેમ બિંબપ્રતિબિંબભાવ માન્યો છે, જેમ કે, અહીં હાર અને અંગરાગ એ ધર્મોમાં નિર્ઝર અને બાલાતપ પ્રતિબિંબરૂપે નિબદ્ધ થયાં છે[૨૨]. ભોજ આને વાક્યાર્થોપમાના 'વાક્યોપમા' નામના ભેદરૂપે ઓળખાવે છે. એક જ 'इव' પદથી રાજા અને પર્વતરાજનો ઉપમાનોપમેયભાવ કલ્પ્યો છે. એટલે એક इव શબ્દવાળી વાક્યાર્થોપમા છે[૨૩].

આમ સ્પષ્ટ છે કે પ્રસ્તુત ઉદાહરણ બન્નેમાં સમાન છે પણ અહીં નરેન્દ્રપ્રભનો ઝોક રુય્યક તરફી છે, ભોજને તેઓ અનુસરતા નથી.

કેટલાક ઉપમાભેદોનાં ઉદાહરણ નરેન્દ્રપ્રભે દંડી અને ભોજને અનુસરીને આપ્યાં છે : જુઓ (**अलं० महो०** ૮/૧૨,૧૩)

જેમ કે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) दिने दिने सा परिवर्धमाना॰ (**अलं॰ महो॰** पृ॰ २४०, **स॰ कं॰** पृ॰ ४०८) ઇત્યાદિ. **નરેન્દ્રપ્રભે** આને 'અનેકદ્યોતકા' તરીકે ઓળખાવી છે અને ભોજે આને અનેક इव શબ્દવાળી કહી છે.

(૨) अलिवलयैरलकैरिव॰ .... વગેરે (**अलं॰ महो॰** पृ॰ २४०, **स॰ कं॰** पृ॰ ४०९) નરેન્દ્રપ્રભ આને સર્વ ઉપમાનગતદ્યોતકનું માને છે, ભોજ સમસ્તોપમાનું.

(૩) दिवो जागर्ति रक्षायै॰ (**अलं॰ महो॰** पृ॰ २४१, **स॰ कं॰** पृ॰ ४०८) નરેન્દ્રપ્રભ નામભેદે આને 'દ્યોતકોજ્ઝિતા' કહે છે. ભોજ અનિવાદિ (ઇવ વગેરે શબ્દ સિવાયની) ઉપમા માને છે. દંડી(૨/૪૯)માં આ ઉદાહરણ 'તુલ્યયોગોપમા' નામે અપાયું છે.

ઉપમાન અને ઉપમેયનો જ્યાં વિપર્યાસ થયો હોય, જે દંડીની વિપર્યાસોપમા છે તેનો નરેન્દ્રપ્રભ અને ભોજ બન્ને ઉલ્લેખ કરે છે, જેમ કે,

यत् त्वन्नेत्रसमानकान्ति सलिले॰..... વગેરે.

નરેન્દ્રપ્રભ વિવરણ કરતાં જણાવે છે કે, અહીં કમળ વગેરેનાં નેત્રો વગેરે ઉપમાનો છે એટલે વિપર્યાસ થયો છે. અહીં હવે પછી કહેવાનારા **'પ્રતીપ'** અલંકારની શંકા ન કરવી, કારણ કે અહીં ઉપમાનનો વિપર્યાસ હોય છે, તેના તિરસ્કારનો હેતુ હોતો નથી[૨૪]. મમ્મટ-રુય્યક આ પ્રકાર સ્વીકારતા નથી, પરંતુ નરેન્દ્રપ્રભે દંડી અને ભોજને અનુસરીને આ ભેદ આપ્યો છે[૨૫].

ભોજ પ્રસિદ્ધિના વિપર્યાસ વડે પરસ્પરનો ઉપમાનોપમેયભાવ આમાં કલ્પવામાં આવ્યો છે એટલું જ નોંધે છે. (**स॰ कं॰** पृ॰ ४१२).

આમ નરેન્દ્રપ્રભે ભોજનું ઉદ્ધરણ સ્વીકાર્યું છે. તેમનો 'વિપર્યાસોપમા' અલંકાર પ્રત્યેનો અભિગમ પણ લગભગ સમાન છે. નરેન્દ્રપ્રભ 'પ્રસિદ્ધિનો વિપર્યાસ' એમ સ્પષ્ટ શબ્દોમાં નથી કહેતા એટલો ફેર છે.

વૈધર્મ્યમૂલક ઉપમાના ઉદાહરણ તરીકે નરેન્દ્રપ્રભ ભોજના **स॰ कं॰**માંથી નીચેનું 'शिशुपालवध' १६/ ૫૨ નું ઉદ્ધરણ ટાંકે છે.

प्रहितः प्रधनाय माधवानहमाकारयितुं महीभृता ।
न परेषु महौजसश्छलादपकुर्वन्ति मलिम्लुचा इव ॥

– (**अलं॰ महो॰** पृ॰ २४१, **स॰ कं॰** पृ॰ ४०९)

નરેન્દ્રપ્રભ અહીં **'अपकुर्वन्ति'**નું વિપક્ષભૂત नापकुर्वन्ति એમ વૈધર્મ્ય છે, એવું નોંધે છે[૨૬].

ભોજ આને વાક્યાર્થોપમામાં વૈધર્મ્યવતી નામની વાક્યોપમાનો પ્રકાર માને છે. તેમના મત પ્રમાણે 'છલાપકરણ' નામનો વસ્તુધર્મ છે તે નકાર વડે ઉપમાનમાં જ નિયમિત થયો છે. (**स॰ कं॰** पृ॰ ४०९)[૨૭]

નરેન્દ્રપ્રભે ભોજના વિક્રિયોપમાના એક ભેદના ઉદાહરણને અનન્વયના ઉદાહરણ તરીકે ઘટાવ્યું છે : જેમ કે,

त्वन्मुखं त्वन्मुखमिव त्वद्दृशौ त्वद्दृशाविव ।
त्वन्मूर्तिरिव मूर्तिस्ते त्वमिव त्वं कृशोदरि ॥

– (**अलं॰ महो॰** पृ॰ २४४, **स॰ कं॰** पृ॰ ४१३)

ભોજ અનન્વયોપમા એવું જ નામ આપે છે, પરંતુ વિકૃતરૂપ ઉપમામાં આ એક ભેદ છે એવું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નોંધે છે.

સ્મરણાલંકારમાં સ્વરૂપની બાબતમાં નરેન્દ્રપ્રભ રુય્યકને અનુસર્યા છે અને અનુભૂત વસ્તુની સદૃશ વસ્તુને જોઈને જ્યારે સ્મૃતિ થઈ આવે ત્યારે સ્મરણાલંકાર થાય છે એમ લક્ષણ બાંધે છે. જ્યારે ભોજ ચિંતાદિના સ્મરણને સ્મરણાલંકાર માને છે. નરેન્દ્રપ્રભે ભોજનું એક ઉદ્ધરણ સ્વીકાર્યું છે, સદૃશના દર્શનથી થતું સદૃશનું સ્મરણ - એ ભેદ માટે, જેમ કે,

अदृश्यन्त पुरस्तेन खेलाः खञ्जनपङ्क्तयः ।
अस्मर्यन्त विनिःश्वस्य प्रियानयनविभ्रमाः ॥[२८]

- (**अलं॰ महो॰** पृ॰ २४५, **स॰ कं॰** पृ॰ ३७५)

અહીં ખંજનપક્ષીઓના સમૂહને જોઈને તેના જેવા પ્રિયાના નયનવિભ્રમોનું સ્મરણ થવાથી સ્મરણાલંકાર થયો છે આવી ભોજની નોંધ છે. નરેન્દ્રપ્રભસૂરિ કોઈ નોંધ મૂકતા નથી.

સંશય અલંકારનાં કેટલાંક ઉદાહરણ નરેન્દ્રપ્રભે **स॰ कं॰**માંથી સ્વીકાર્યાં છે : જેમ કે,

आहारे विरतिः समस्तविषयग्रामे निवृत्तिः परा
नासाग्रे नयनं यदेतदपरं यच्चैकनिष्ठं मनः ।
मौनं चेदमिदं च शून्यमखिलं यद् विश्वमाभाति ते
तद् ब्रूयाः सखि ! योगिनी किमसि भोः ! किं वा वियोगिन्यसि ?

- (**अलं॰ महो॰** पृ॰ २४६, **स॰ कं॰** पृ॰ ४४५)

નરેન્દ્રપ્રભ પ્રમાણે અહીં આર્થ સાદૃશ્ય છે, ભોજના મત પ્રમાણે અહીં એક વસ્તુમાં (= સખીના વિષયમાં) બે વસ્તુનું (= યોગ અને વિયોગ) અભિધીયમાન એવું સામ્ય છે, જે પ્રત્યક્ષ છે. સમાનધર્મના દર્શનથી બન્નેના વિશેષ પ્રકારના સ્મરણથી જે વિમર્શ થયો તે એકવિષય સંશય અલંકાર છે[૨૯].

આમ નરેન્દ્રપ્રભ પ્રસ્તુત ઉદાહરણ સંક્ષેપમાં સમજાવે છે. ભોજની સમજૂતીનો કોઈ નિર્દેશ તેઓ કરતા નથી.

નિશ્ચયાન્ત સંદેહના ઉદાહરણરૂપે નરેન્દ્રપ્રભે ભોજમાંથી मैनाकः किमयं रुणद्धि गमने॰ ...... આદિ ઉદાહરણ આપ્યું છે (**अलं॰ महो॰** पृ॰ २४७, **स॰ कं॰** पृ॰ ३७०). જો કે ભોજમાં પ્રસ્તુત ઉદાહરણ 'વિતર્કાલંકાર' તરીકે આપવામાં આવ્યું છે, પરંતુ નરેન્દ્રપ્રભ ભોજથી જુદા પડે છે, અને અહીં સંશય જ માને છે તથા 'વિતર્ક'નું ખંડન કરે છે[૩૦].

આ સિવાય अस्याः सर्गविधौ॰ વગેરે પ્રસિદ્ધ ઉદાહરણમાં પણ નરેન્દ્રપ્રભ સંદેહ માને છે. અહીં સાદૃશ્ય સિવાય પણ પ્રકૃતિવિષય સંદિહ્યમાન છે. અત્રે અતિશયોક્તિ સાથે સંદેહનો સંકર થયો છે (પૃ॰ ૨૪૭). જ્યારે ભોજ અહીં अतत्त्वानुपाती વિતર્ક માને છે. આવું રૂપ નિર્માણ કરવા શું પુરાણો મુનિ શક્તિમાન હોય ? આથી ચન્દ્રાદિને જે પ્રજાપતિ માનવાં તે થયો અતત્ત્વાનુપાતી વિતર્ક, જે નિર્ણયાન્ત છે, કારણ આનો સર્જક પુરાણો મુનિ (= નારાયણ મુનિ) ન હોઈ શકે એમ અંતે નિર્ણય થાય છે (**स॰ कं॰** पृ॰ ३७०).

આમ નરેન્દ્રપ્રભનું વલણ ફરી વાર ભોજથી જુદું જણાઈ આવે છે.

अयमसौ भगवानुत॰ (**अलं॰ महो॰** पृ॰ २४७, **स॰ कं॰** पृ॰ ३७१)માં નરેન્દ્રપ્રભ સંશય જ માને છે, જેમાં સાદૃશ્ય સિવાયનો સંબન્ધ છે, જ્યારે ભોજ અહીં અનિર્ણયાન્ત અમિથ્યારૂપ વિતર્ક માને છે. આમ સંશયની બાબતમાં પણ ભોજનાં ઉદાહરણ નરેન્દ્રપ્રભે ગ્રહ્યાં હોવા છતાં તેઓ તેમના પ્રત્યે આગવું વલણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરાવે છે.

ભ્રાન્તિમાન્ અલંકારનાં ઘણાં ઉદાહરણ નરેન્દ્રપ્રભે ભોજના **स० कं०** માંથી સ્વીકાર્યાં છે; એટલું જ નહીં નરેન્દ્રપ્રભે રચેલા ભ્રાન્તિમાન્‌ના લક્ષણ ઉપર પણ ભોજનો પ્રભાવ જણાય છે; જેમ કે, તુલના કરો - भ्रान्तिमान् वैपरीत्येन प्रतीतिः सदृशेक्षणात् ।[31] (**अलं० महो०** ૮।૧૩)

ભોજ - भ्रान्तिर्विपर्ययज्ञानं द्विधा सापि प्रयुज्यते । (**स० कं०** ૩।૩૫ ઉપર )

આમ સદૃશ વસ્તુને જોઈ વૈપરીત્યથી જે પ્રતીતિ થાય તે ભ્રાન્તિમાન્ કહેવાય. ભોજ જો કે 'ભ્રાન્તિ' એવું નામ આપે છે.

હવે ભ્રાન્તિમાન્‌નાં ઉદાહરણો જોઈએ.

(૧) **અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ**, જેમ કે, બહુ પ્રસિદ્ધ ઉદાહરણ

कपोले मार्जारः........ વગેરે (નરેન્દ્રપ્રભે कपाले० પાઠ રાખ્યો છે.) (**अलं० महो०** पृ० ૨૪૮, **स० कं०** पृ० ૩૬૬)

નરેન્દ્રપ્રભસૂરિ પ્રમાણે અહીં ચન્દ્રકિરણોમાં ક્ષીર વગેરેની ભ્રાન્તિ થાય છે. આ પ્રકારને અતત્ત્વમાં તત્ત્વરૂપ ગણ્યો છે. ચન્દ્રકિરણોમાં અતત્ત્વરૂપ દૂધ વગેરેને ગણી લેવામાં આવે છે. ભોજ આ પ્રકારને મૂળ 'ભ્રાન્તિ' અલંકારના એક ભેદ 'ભ્રાન્તિમાન્' તરીકે ઓળખાવે છે. ટૂંકમાં નરેન્દ્રપ્રભ ભ્રાન્તિમાન્‌ના લક્ષણમાં ભોજને અનુસરતા હોવા છતાં પ્રકારોની બાબતમાં પોતાનો આગવો મત ધરાવે છે. આમ અતત્ત્વે તત્ત્વરૂપા ભ્રાન્તિ ભોજે આપેલ આ ભેદનો વિનિયોગ નરેન્દ્રપ્રભે યથેષ્ટ કર્યો છે.

ભોજના **स० कं०**માંથી નરેન્દ્રપ્રભે અતત્ત્વમાં તત્ત્વરૂપ પરંતુ બાધિત થતી ભ્રાંતિનું ઉદ્ધરણ સ્વીકાર્યું છે, જે **ગાથાસપ્તશતી**નું છે :

हसियं सहत्थयालं सुक्कवडं आगएहिं पहिएहिं ।
पत्त-प्फलसारिच्छे उड्डीणे पूसवंदम्मि ॥

**છાયા** -

हसितं सहस्ततालं शुष्कवटमागतैः पथिकैः ।
पत्रफलसदृशे उड्डीने शुकवृन्देऽस्मिन् ॥[32]

- (**अलं० महो०** पृ० ૨૪૮, **स० कं०** पृ० ૩૬૪)

નરેન્દ્રપ્રભના મત પ્રમાણે દૂર રહેલા વડલા પરના શુકવૃન્દમાં પાંદડાં-ફળની ભ્રાન્તિ થાય છે. ભોજ પ્રમાણે અહીં વડલા પરના શુકવૃન્દમાં પાંદડાં અને ફળની ભ્રાંતિ થાય છે, પછી પક્ષીઓ ઊડી જતાં તે ભ્રાન્તિ બાધિત થાય છે. આમ અતત્ત્વમાં તત્ત્વરૂપ પણ બાધિત થતી ભ્રાન્તિનું ઉદાહરણ છે.

તત્ત્વમાં અતત્ત્વબુદ્ધિ એવા પ્રકાર માટે નરેન્દ્રપ્રભે અને ભોજે समर्थये यत् प्रथमं प्रियां.......વગેરે 'વિક્રમોર્વશીયમ્'નું પ્રસિદ્ધ ઉદાહરણ પસંદ કર્યું છે. નરેન્દ્રપ્રભ નોંધે છે કે અહીં લતારૂપ પ્રાપ્ત કરેલી ઉર્વશીને ભેટ્યા પછી તેના આલિંગનસુખથી બંધ આંખોવાળા પુરૂરવાને શાપના અંતે આવિર્ભાવ પામેલી સાચી ઉર્વશીમાં પણ બીજી વસ્તુની ભ્રાન્તિ થાય છે.

ભોજમાં આવી જ સમજૂતી છે, જેને નરેન્દ્રપ્રભ અનુસર્યા છે. વિશેષમાં ભોજ આને ઉપાદાનહેતુરૂપ ગણે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ જ પ્રકારમાં હાનહેતુ પણ હોય છે, જેનું ઉદાહરણ પર નરેન્દ્રપ્રભે ભોજ પાસેથી ગ્રહ્યું છે. જેમકે,

सो मुद्धमिओ मायाण्हिआहिं तह दूमिओ तुह हयासाहिं ।
सब्भावमईण वि नईण वि परंमुहो जाओ ॥

છાયા-

स मुग्धमृगो मृगतृष्णिकाभिस्तथा दूनो हताशाभिः ।
यथा सद्भाववतीभ्योऽपि नदीभ्योऽपि पराङ्मुखो जातः ॥[33]

– (अलं॰ महो॰ पृ॰ २४९)

નરેન્દ્રપ્રભ નોંધે છે કે અહીં ખરેખરી નદી હોવા છતાં પણ મૃગતૃષ્ણિકાની ભ્રાંતિ થાય છે. ભોજ પ્રમાણે આવી ભ્રાંતિથી મૃગ પાણી પીતો નથી તેથી તત્ત્વમાં અતત્ત્વરૂપ હાનહેતુ ભ્રાન્તિ છે.

એ પછી માલારૂપ ભ્રાન્તિનું ઉદાહરણ બન્નેમાં સમાન છે. જેમ કે,

नीलेन्दीवरशङ्कया॰ વગેરે (અનુક્રમે પૃ૰ ૨૪૯, પૃ૰ ૩૬૭)

એમાં યુવતીનાં નયન વગેરેમાં મધુકરને નીલોત્પલની ભ્રાન્તિ થાય છે.

ભોજના ઉપમાભ્રાંતિ વગેરે પ્રકારો નરેન્દ્રપ્રભ સ્વીકારતા નથી.

'રૂપકાલંકાર'નાં કેટલાંક ઉદાહરણ પણ નરેન્દ્રપ્રભે ભોજમાંથી સ્વીકાર્યાં છે.

(૧) अङ्गुल्यः पल्लवान्यासन्॰ (**अलं॰ महो॰** पृ॰ २५२, **स॰ कं॰** पृ॰ ४१५). નરેન્દ્રપ્રભ અસમસ્તરૂપક કહે છે તો ભોજ આને વ્યસ્તરૂપક કહે છે. આમાં સમાસ નથી.

(૨) स्मितं मुखेन्दौ॰ (**अलं॰ महो॰** पृ॰ २५२, **स॰ कं॰** पृ॰ ४१५).

નરેન્દ્રપ્રભ આને 'સમસ્તાસમસ્ત'રૂપક કહે છે. કારણ કે, અહીં मुखेन्दौ॰ ..... વગેરેમાં સમાસ છે, स्मित, ज्योत्स्ना વગેરેમાં અસમાસ છે. ભોજ સમસ્તવ્યસ્ત નામ આપે છે.

(૩) अकस्मादेव ते चण्डि॰ (**अलं॰ महो॰** पृ॰ २५२, **स॰ कं॰** ४२०)

નરેન્દ્રપ્રભ આને એકદેશવિવર્તિરૂપક કહે છે. કારણ અહીં મુખનું લતાદિરૂપ રૂપણ નથી. ભોજ અસમસ્તરૂપક કહે છે.

(૪) કેવળ નિરંગ, જેમ કે, वल्गितभ्रू॰ ઇત્યાદિ (**अलं॰ महो॰** पृ॰ २५३, **स॰ कं॰** पृ॰ ४२५) નરેન્દ્રપ્રભ પ્રમાણે આ કેવળ અથવા અવયવિરૂપક છે, ભોજ તેને શુદ્ધરૂપકમાં ઉભયનિષ્ઠરૂપકનો ભેદ કહે છે[૩૪].

अनाघ्रातं॰...વગેરે ઉદાહરણને નરેન્દ્રપ્રભ અને ભોજ (**अलं॰ महो॰** पृ॰ २५६-७, **स॰ कं॰** पृ॰ ४२६) બન્ને વ્યતિરેકાંક માને છે. નરેન્દ્રપ્રભ એટલું નોંધે છે કે, અહીં પુષ્પ વગેરેનું અનાઘ્રાતત્વ વગેરે હોવાથી આઘ્રાતપુષ્પ વગેરેથી ચડિયાતાપણું હોવાથી વ્યતિરેકાંકરૂપક છે. ભોજના શ્લેષોપહિત વગેરે ભેદો નરેન્દ્રપ્રભે સ્વીકાર્યા નથી, ભોજ પ્રસ્તુત ઉદાહરણમાં શુદ્ધરૂપકમાં ઉભયનિષ્ઠરૂપકનો ભેદ માને છે, સાદશ્ય અહીં પ્રતીયમાન છે.

અપહ્નુતિ અલંકારની ચર્ચા દરમ્યાન નરેન્દ્રપ્રભસૂરિ ભોજનું એક ઉદાહરણ ટાંકે છે. જેમકે, मौलौ धारय॰ .... (**अलं॰ महो॰** पृ॰ २५९, **स॰ कं॰** पृ॰ ६४). આમાં રાજાને તું રાજા નહીં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિ જ છે એમ કહેવામાં આવ્યું છે. નરેન્દ્રપ્રભ અહીં नञ् , छल વગેરે શબ્દો વગરની અપહ્નુતિ માને છે, જ્યારે ભોજ આને **'ध्वनिमत्ता तु गाम्भीर्यम्'** એમ કહીને આમાં નાભિમાં પુંડરીક, પરિમિત વિક્રમત્વ, ચક્રનું ધારણ કરવું, દાઢથી પૃથ્વીનો ઉદ્ધાર કરવો, લક્ષ્મીનું વક્ષઃસ્થળમાં રહેવું અને ઇન્દ્રનું અવરજત્વ ધ્વનિત થાય છે — એમ સમજાવે છે. ભોજના ટીકાકાર રત્નેશ્વર અહીં શબ્દધ્વનિ અને પ્રતીયમાનોત્પ્રેક્ષા માને છે. નરેન્દ્રપ્રભે ભોજની આ ચર્ચાની ઉપેક્ષા કરી છે.

નરેન્દ્રપ્રભ સાદશ્યેતર સંબન્ધમાં પણ અપહ્નુતિ સ્વીકારે છે. आनन्दाश्रु અને उरपेल्लय વગેરે ઉદાહરણ **स॰ कं॰** માંથી ઉદ્ધરે છે, પરંતુ તેમના મત પ્રમાણે તો આ વ્યાજોક્તિ છે, અપહ્નુતિ તો અન્ય મત પ્રમાણે કહી[૩૫].

'ઉત્પ્રેક્ષા' અલંકારનાં બે ઉદાહરણમાં પણ નરેન્દ્રપ્રભ પર ભોજનો પ્રભાવ વરતાય છે. લક્ષણમાં નરેન્દ્રપ્રભ મમ્મટને અનુસર્યા છે.

(૧) દ્રવ્યોત્પ્રેક્ષા જેમ કે दर्पणे हरदेहस्था॰ વગેરે (**अलं॰ महो॰** पृ॰ २६३, અને **स॰ कं॰** पृ॰ ४६६)

નરેન્દ્રપ્રભ નોંધે છે કે આમાં અર્ધનારીશ્વરત્વનું એકત્વ છે, તે દ્રવ્ય છે. તેની ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે. ભોજ અહીં દ્રવ્યનું અર્ધનારીશ્વરરૂપ રૂપાંતર છે એ રૂપે ઉત્પ્રેક્ષણ માની દ્રવ્યોત્પ્રેક્ષા સિદ્ધ કરે છે.

(૨) **માલારૂપા** ઉત્પ્રેક્ષામાં નરેન્દ્રપ્રભે ભોજનું लीनेव... વગેરે ઉદાહરણ આપ્યું છે. અહીં 'લાગી ગઈ છે-' એ ક્રિયા 'લીન થઈ છે' વગેરે ક્રિયારૂપે ઉત્પ્રેક્ષિત થઈ છે. (**अलं॰ महो॰** पृ॰ २६८, **स॰ कं॰** पृ॰ ४३९) ભોજના મતે આ ઉત્પ્રેક્ષાવયવ અલંકાર છે. પૃ૰ ૨૬૪ પર ભોજ આને **'इवादि'**ની આવૃત્તિના ઉદાહરણરૂપે અનુપ્રાસમાં પણ ઉદ્ધરે છે.

असारं संसारं... વગેરે ભોજનું પદ્ય નરેન્દ્રપ્રભમાં પણ મળે છે, પરંતુ નરેન્દ્રપ્રભે આને દીપકાલંકારનું ઉદાહરણ માન્યું છે. જ્યારે ભોજ આમાં અલંકાર નથી માનતા પણ રસના આક્ષેપથી વક્તાથી બોલાયેલ તે ગુણત્વને પ્રાપ્ત થયેલ છે, અને એટલે દોષનો પરિહાર થયો છે. એવું જણાવે છે. નરેન્દ્રપ્રભ પણ આને પુનરુકતદોષના ગુણ ત્વનું ઉદાહરણ માને છે.

प्राप्तश्रीरेष॰... વગેરેમાં નરેન્દ્રપ્રભ આનંદવર્ધન અને મમ્મટને અનુસરીને રાજા, વિષ્ણુથી ચડિયાતા છે એમ અને રૂપકાશ્રિત હોવાથી રૂપકમિશ્રિત વ્યતિરેક અલંકાર થયો છે એમ માને છે[૩૬]. (**अलं॰ महो॰** पृ॰ २७७), જ્યારે ભોજ અહીં સમાધિ અલંકાર માને છે. (**स॰ कं॰** पृ॰ ४५५). તેમના મત પ્રમાણે એમાં ધર્મીના અધ્યાસરૂપ સમાધિ છે, જેમાં શ્લેષ વડે વિષ્ણુસ્વરૂપ ધર્મીનો જ રામ પર અધ્યાસ કરવામાં આવ્યો છે. ટૂંકમાં પ્રસ્તુત ઉદાહરણ જ નરેન્દ્રપ્રભ અને ભોજનું સમાન છે, બાકી નરેન્દ્રપ્રભ ભોજના પ્રભાવથી મુક્ત જણાય છે. ભોજ પર તો દંડીના સમાધિગુણનો ચોખ્ખો પ્રભાવ છે. (**का॰ द॰** २।९७)

વિનોક્તિ અલંકારનું નરેન્દ્રપ્રભસૂરિનું निरर्थकं जन्म... વગેરે ઉદાહરણ ભોજના **स॰ कं॰**માં વાકોવાક્યમાં ગૂઢોક્તિના ઉદાહરણ તરીકે આપવામાં આવ્યું છે. નરેન્દ્રપ્રભ આ સંદર્ભમાં પણ રુય્યકને જ અનુસર્યા છે. (**अलं॰ महो॰** पृ॰ २७१. **स॰ कं॰** पृ॰ २९८)

ભોજે જે સમાસોક્તિ અલંકારનાં ઉદાહરણ આપ્યાં છે તે નરેન્દ્રપ્રભસૂરિમાં પ્રાપ્ત થાય છે ખરાં પરંતુ અપ્રસ્તુતપ્રશંસાલંકારના ઉદાહરણ તરીકે, જેમકે,

उत्तुङ्गे कृतसंश्रयस्य शिखरिण्युच्चावचग्रावणि
न्यग्रोधस्य किमङ्ग ! तस्य वचसा श्लाघासु पर्याप्यते ।
बन्धुर्वा स पुराकृतः किमथवा सत्कर्मणां संचयो
मार्गे रूक्षविपत्रशाखिनि जनो यं प्राप्य विश्राम्यति ॥

(**अलं॰ महो॰** पृ॰ २८५, **स॰ कं॰** पृ॰ ४५७,८)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરેન્દ્રપ્રભ પ્રમાણે અહીં સ્તુતિરૂપ અપ્રસ્તુતપ્રશંસા છે જ્યારે ભોજ પ્રમાણે શ્લાઘાવતી સમાસોક્તિ છે. 'સ્તુતિ'નો ભાવ બન્ને સ્વીકારે છે પણ અલંકારઘટનની બાબતમાં બન્ને જુદાં મંતવ્યો ધરાવે છે.

એ જ રીતે નિન્દાસ્તુતિ ઉભયરૂપ સમાસોક્તિનું ભોજનું निष्कन्दामरविन्दिनीं० ઇત્યાદિ પદ્ય નરેન્દ્રપ્રભે નિન્દા-સ્તુતિ ઉભયરૂપા અપ્રસ્તુતપ્રશંસાનું આપ્યું છે. ભોજના મત પ્રમાણે આમાં પૂર્વાર્ધમાં ગર્હા છે, ઉત્તરાર્ધમાં શ્લાઘા ગમ્ય છે. આ પ્રતીયમાન સાદૃશ્યયુક્ત સમાસોક્તિ છે[૩૭]. નરેન્દ્રપ્રભ આટલું ઝીણું કાંતતા નથી.

એ પછી પૂર્વાર્ધમાં સ્તુતિ અને ઉત્તરાર્ધમાં નિન્દાનું ઉદાહરણ, જેમ કે, उपाध्वं तत्पान्थाः०..... વગેરે પણ નરેન્દ્રપ્રભે **स० कं०** માંથી ગ્રહ્યું છે, પરંતુ નરેન્દ્રપ્રભ એને અપ્રસ્તુતપ્રશંસાનું માને છે, જ્યારે ભોજ સ્તુતિ-નિન્દા ઉભયરૂપ સમાસોક્તિનું જ માને છે, જેમાં તુલ્યાતુલ્યવિશેષરૂપ છે.

(**अलं० महो०** पृ० २८५, **स० कं०** पृ० ४६१)

इतो वसति केशवः (**अलं० महो०** पृ० २८५)

ઉદાહરણમાં નરેન્દ્રપ્રભ અન-ઉભયરૂપ અપ્રસ્તુતપ્રશંસા માને છે તો ભોજ સમાસોક્તિ. ભોજમાં इतः स्वपिति એવો પાઠ છે. આમાં સ્તુતિ કે નિન્દા કશું જ નથી. (પૃ૦ ૪૬૦)

नालस्य प्रसरो०..... વગેરે ઉદાહરણ બન્નેમાં સમાન છે. નરેન્દ્રપ્રભ આને શ્લેષમૂલક અપ્રસ્તુતપ્રશંસા માને છે. નરેન્દ્રપ્રભના મત પ્રમાણે આમાં પદ્મ પ્રસ્તુત હોતાં સત્પુરુષની સ્તુતિ ગમ્ય છે[૩૮]. (**अलं० महो०** पृ० २८६, **स० कं०** पृ० ४६०) ભોજના મત પ્રમાણે આમાં કમળ અને સત્પુરુષનો પરસ્પર ઉપમાનોપમેયભાવ છે, જે અતિશય પ્રસિદ્ધ છે. તેથી ઉપમાન વડે જ શ્લેષની જેમ તુલ્ય વિશેષણો કહ્યાં હોવાથી સાદૃશ્ય અભિધીયમાન થયું છે. અહીં ઉપમેયોપમાનભાવ ગમ્ય થાય છે. આથી અભિધીયમાનસાદૃશ્યશ્લાઘાયુક્ત સમાસોક્તિ છે.

लावण्यसिन्धुरपरैव० વગેરે પદ્ય નરેન્દ્રપ્રભ અને ભોજ (**अलं० महो०** पृ० २८७, **स० कं०** पृ० ४६४) બન્ને આપે છે. નરેન્દ્રપ્રભસૂરિના મત પ્રમાણે એમાં અપ્રસ્તુતપ્રશંસા નથી. પરંતુ ભેદમાં પણ અભેદ એવી અતિશયોક્તિ વડે અલંકૃત થયેલો 'સૌન્દર્યનો બીજો જ સમુદ્ર' એવી અભેદમાં ભેદરૂપ અતિશયોક્તિનો અથવા વ્યતિરેકનો વિષય છે[૩૯], જ્યારે ભોજ આમાં સમાસોક્તિ જ સ્વીકારે છે.

એ જ રીતે इन्दुर्लिप्त० (**अलं० महो०** पृ० २८३, **स० कं०** पृ० ४६५) વગેરેમાં નરેન્દ્રપ્રભ કારણ દ્વારા કાર્યની અપ્રસ્તુતપ્રશંસા માને છે, જ્યારે ભોજ આમાં પણ સમાસોક્તિ જ સ્વીકારે છે.

गच्छ गच्छसि० વગેરે વિધિ આક્ષેપનું ઉદાહરણ નરેન્દ્રપ્રભ અને ભોજમાં સમાન છે. બન્ને પર દંડીનો પ્રભાવ છે[૪૦]. જો કે નરેન્દ્રપ્રભ આમાં "હું પ્રાણ ત્યજીશ" એવો વિશેષ પ્રકાશે છે એમ નોંધે છે. (**अलं० महो०** पृ० २९०, **स० कं०** पृ० ४९८)

कुतः कुवलयं०.... વગેરે નિષેધાક્ષેપ છે, નરેન્દ્રપ્રભ પોતે આ પ્રકાર સ્વીકારતા નથી. પરંતુ નામોલ્લેખ વગર इत्यादावप्याक्षेपमित्येके । એવી નોંધ મૂકે છે. સ્પષ્ટ છે કે ઇશારો ભોજ પ્રત્યે છે. ભોજ આમાં શુદ્ધાક્ષેપ સ્વીકારે છે. (**अलं० महो०** पृ० २९०, **स० कं०** पृ० ४९४)

**ફલશ્રુતિ :-**

આમ ભોજ અને નરેન્દ્રપ્રભના સાદૃશ્યમૂલક અલંકારો અને તેનાં ઉદ્ધરણોનો અભ્યાસ કર્યા પછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીચેનાં તારણો આપી શકાય.

(૧) નરેન્દ્રપ્રભે ભોજના ઉદાહરણનો વિનિયોગ ત્રણ રીતે કર્યો છે : (૧) જે તે અલંકારનું ઉદાહરણ જે તે અલંકાર માટે ભોજની જેમ = તેમને અનુસરીને સ્વીકારી લીધું છે. (૨) ક્યારેક ઉદાહરણ ભોજમાંથી લેવામાં આવ્યું છે. પણ સમજૂતી આગવી આપી છે અથવા મમ્મટ-રુય્યકમાં જો તે ઉદાહરણ હોય તો નરેન્દ્રપ્રભ તેમને અનુસર્યા છે. (૩) ક્યારેક ભોજનું ઉદાહરણ જે બીજા જ અલંકારનું કે ધ્વનિપ્રકારનું હોય તેને લઈને પછી નરેન્દ્રપ્રભે તેનો વિનિયોગ પોતાને યોગ્ય લાગતા અને મમ્મટ-રુય્યક તથા હેમચન્દ્રે સ્વીકારેલા અલંકારમાં કર્યો છે. આમ સહોક્તિના उहसे प्रियया॰ વગેરે ઉદાહરણમાં (પાઠ પણ નરેન્દ્રપ્રભે જુદો સ્વીકાર્યો છે) ભોજ વિવિક્તકર્મક્રિયા સમાવેશવાળી વૈસાદશ્યમૂલક સહોક્તિ — એવો ભેદ જુએ છે, જ્યારે નરેન્દ્રપ્રભ આમાં કર્મનું ક્રિયા સાથે ધર્મૈક્ય જુએ છે તો कोकिलालाप અને धैर्येण समं यामा॰ આ બન્નેમાં પણ નરેન્દ્રપ્રભની સમજૂતી જુદી છે, પરંતુ सहदीर्घा॰..માં તેઓ ભોજને અનુસર્યા છે.

(૨) राजीवमिव॰ વગેરે ઉપમાના ઉદાહરણની ચર્ચામાં નરેન્દ્રપ્રભે લાઘવ જાળવ્યું છે. દ્યોતકલુપ્તામાં પણ તેમ જ છે, જ્યારે ભોજે આ ચર્ચા વિસ્તારથી યોજી છે.

(૩) કેટલાક ઉપમાપ્રકારોમાં નરેન્દ્રપ્રભ ભોજનું ઉદાહરણ સ્વીકારીને પછી હેમચન્દ્રને અનુસરે છે, જેમ કે, हंसो ध्वाङ्क्ष॰.... વગેરે.

(૪) **अलं॰ महो॰** ૮।૧૨।૧૩ના ઉપમાભેદો નરેન્દ્રપ્રભે ભોજની જેમ દંડી અનુસાર આપ્યા છે.

(૫) ભ્રાન્તિમાન્‌માં નરેન્દ્રપ્રભ લક્ષણોદાહરણ ભોજ પ્રમાણે આપે છે, પરંતુ ઉદાહરણની સમજૂતી મોટેભાગે રુય્યકાદિ અનુસાર છે. સ્મરણાલંકારમાં લક્ષણ રુય્યક પ્રમાણે છે જ્યારે ઉદાહરણ ભોજ પ્રમાણે. કદાચ પ્રકારોની નવીનતા અને ભ્રાંતિની હૃદયંગમ છાયાઓ તથા સ્મરણાલંકારના ઉદાહરણમાં રહેલું સૌંદર્ય નરેન્દ્રપ્રભના કવિજીવને સ્પર્શી ગયાં હશે. આ સિવાય પણ ભોજનાં અન્ય કવિત્વમય ઉદાહરણ પણ નરેન્દ્રપ્રભે ઉદ્ધર્યાં છે.

(૬) ભોજના સમાસોક્તિનાં સઘળાં ઉદાહરણ નરેન્દ્રપ્રભે અપ્રસ્તુતપ્રશંસારૂપે જ ગ્રાહ્ય કર્યાં છે, જેમાં રુય્યક-મમ્મટનું અનુસરણ પણ ખરું.

(૭) ભોજના સંશયનાં ઉદાહરણ પણ તેમણે સ્વીકાર્યાં છે, પરંતુ ભોજના વિતર્કાલંકારનું તેઓ ખંડન કરે છે, જ્યારે ભોજ વિતર્કને સ્વતંત્ર અલંકાર તરીકે સ્વીકારે છે.

(૮) અપહ્નુતિ અલંકારમાં ભોજનું એક ઉદાહરણ લઈને નરેન્દ્રપ્રભે તેને 'વ્યાજોક્તિ'નું કહી પોતાનો જુદો મત આપ્યો છે.

(૯) ક્યારેક નરેન્દ્રપ્રભે ભોજનું ઉદાહરણ જુદા જ અલંકારવર્ગમાંથી સ્વીકાર્યું હોય. જેમ કે, વાક્યન્યાયમૂલક સમાધિ અલંકારનું ભોજે प्राप्तश्रीरेषः कस्मात् એ પ્રસિદ્ધ ઉદાહરણ આપ્યું છે. પરંતુ નરેન્દ્રપ્રભ તેમાં ધ્વન્યાલોક અને કાવ્યપ્રકાશને અનુસરીને વ્યતિરેકમિશ્રિતરૂપક માને છે. અને એ રીતે એને સાદશ્યમૂલક વર્ગનું સિદ્ધ કરે છે.

(૧૦) નરેન્દ્રપ્રભ કાશ્મીરી પરંપરાના આલંકારિક છે અને ભોજ માલવપરંપરાના. આમ છતાં નરેન્દ્રપ્રભનું વલણ સમન્વયાત્મક હોઈ તેમણે **स॰ कं॰**માંથી કેટલાંક ઉદ્ધરણો સ્વીકાર્યાં છે. આમાંથી કેટલાંકની ગંગોત્રી બન્ને માટે સમાન હોય એમ બની શકે, જેમ કે, **गाथासप्तशती**, **शिशुपालवध**, ઇત્યાદિ સાહિત્યિક કૃતિઓ, જેમાંથી ભોજ અને નરેન્દ્રપ્રભ બન્નેએ સીધું જ ઉદ્ધરણ પસંદ કર્યું હોય, એમ પણ બની શકે. જે ઉદાહરણનાં ઉદ્‌ગમસ્થાન આપણને નથી મળ્યાં તે અંગે પણ એમ જ કહી શકાય કે ભોજ અને નરેન્દ્રપ્રભ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બન્ને પાસે એ કૃતિઓ હોવાનો સંભવ છે. અથવા નરેન્દ્રપ્રભે એ ઉદ્ધરણો માટે સંપૂર્ણપણે ભોજ પર જ આધાર રાખ્યો હોય, છેલ્લે નરેન્દ્રપ્રભ ભોજના **'શૃંગારપ્રકાશ'** કરતાં **स॰ कं॰**ની વધુ નજીક છે એમ જણાય છે.

આમ તુલનાત્મક અધ્યયનની દૃષ્ટિએ જોઈએ તો નરેન્દ્રપ્રભે ભોજનું અંધાનુસરણ નથી કર્યું. તેમણે સારાસારનો વિવેક તારવ્યો છે. ધ્વનિસિદ્ધાંતથી તેઓ વિરુદ્ધ ગયા નથી અને **स॰ कं॰** ના હૃદયંગમ ઉદાહરણ પણ પોતાની રીતે સંચિત કરી વિવેકશક્તિની સહાયથી અલંકારોમાં તેમનો યથેષ્ટ વિનિયોગ કર્યો છે. ભોજના અલંકાર-વર્ગીકરણને પણ નરેન્દ્રપ્રભે સ્વીકાર્યું નથી. મમ્મટના અન્વયવ્યતિરેક સિદ્ધાંતને અને રુય્યકના અલંકારવર્ગીકરણ તથા ક્રમને તેઓ મહદંશે અનુસર્યા છે. આથી તેમનું અલંકારનિરૂપણ સુરેખ બન્યું છે. રસના આરાદ્ અને પ્રત્યાસન્ન ઉપકારી અલંકારોનો ક્રમ નરેન્દ્રપ્રભે મોટે ભાગે જાળવ્યો છે, જ્યારે ભોજમાં સમાસોક્તિ અને અપ્રસ્તુતપ્રશંસા જેવા અલંકારોનું સ્વરૂપ મિશ્રિત થઈ ગયું છે. વૈજ્ઞાનિક વર્ગીકરણની દિશાનો અભાવ છે. આથી અલંકારોનો સુયોગ્ય ક્રમ પણ જળવાયો નથી અને રસધ્વનિની દૃષ્ટિએ સમાયોજન પણ સધાયું નથી. આથી અલંકારનિરૂપણની છબી ધૂમિલ જણાય છે, સુરેખ નહીં. વળી ભોજનું પ્રકારનિરૂપણ પણ સંખ્યાલક્ષી બની ગયું છે, હાર્દલક્ષી નહીં.

---

**ટિપ્પણો અને સંદર્ભો :-**

૧. તપસ્વી નાન્દી, **ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ**, દ્વિતીય સંશોધિત આવૃત્તિ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ ૧૯૮૪, પૃ૰ ૫.

૨. આ ઉદાહરણ દંડી પણ આપે છે. જુઓ **काव्यादर्श (का॰ द॰)** ૨।૩૫૪, સં૰ જાગૃતિ પંડ્યા, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ ૧૯૯૪.

૩. अत्र वासराणां जनानन्दानां च कर्तृभूतानां वृद्धिं यान्तीति क्रियारूपमेकधर्मत्वम् । धर्मसंबन्धश्च वासराणां शाब्दो जनानन्दानां पुनरर्थः । **अलं॰ महो॰** નરેન્દ્રપ્રભસૂરિકૃત, સં૰ લાલચન્દ ભગવાનદાસ ગાંધી, Oriental Institute, વડોદરા ૧૯૪૨, પૃ૰ ૨૩૨.

૪. ભોજની નોંધ આ પ્રમાણે છે - अत्र सुरभिवासरा इति कर्तृपदार्थः केवल एव जनानन्दैः सह वृद्धिप्राप्तिक्रियायां समाविष्ट इति सेयं विविक्तकर्तृक्रियासमावेशा नाम वैसादृश्यवती सहोक्तिः ।

\- **स॰ कं॰** ભોજદેવકૃત, સં૰ કેદારનાથ તથા વાસુદેવ શાસ્ત્રી, નિર્ણયસાગર, મુંબઈ ૧૯૨૪, પૃ૰ ૪૮૧.

૫. દંડીમાં આ ક્રિયાસહોક્તિનું ઉદાહરણ છે. વસંતના દિવસોની વૃદ્ધિ અને લોકોના આનંદની વૃદ્ધિ એ બે ક્રિયાઓ એકસાથે હોવાનું વર્ણન છે, તેથી તે ક્રિયાસહોક્તિનું ઉદાહરણ છે. દંડીમાં कोकिलालापसुभगा॰ એમ પાઠભેદ છે. આમાં વૃદ્ધિરૂપ ગુણ અને વ્યાપ્તિરૂપ ક્રિયાનું એકસાથે નિરૂપણ હોઈ આ ગુણક્રિયાસહોક્તિનું ઉદાહરણ છે, એવો તરુણવાચસ્પતિ વગેરેનો મત છે, એમ 'પ્રભા' (પૃ૰ ૩૦૫) નોંધે છે. **का॰ द॰** पृ॰ ३१९ (ટિપ્પણ અંતર્ગત)

૬. अत्रापि युष्मदर्थप्रिययोः कर्मभूतयोरुल्लास इति क्रियारूपं धर्मैक्यम् । (**अलं॰ महो॰** पृ॰ २३२)

૭. अत्र संबोध्यमान युष्मदर्थः कर्मतामापन्न उल्लास इति क्रियायां केवल एव क्रियापदार्थेन सह समाविष्टः सेयं विविक्तकर्मक्रियासमावेशा नाम वैसादृश्यवती सहोक्तिः । (**स॰ कं॰** पृ॰ ४८२)

૮. अत्र गलन्तीति क्रियारूपं सर्वान् प्रत्येकधर्मत्वमिदमेव दीपकं च । (**अलं॰ महो॰** पृ॰ २३३)

૯. अत्र यामादीनां बहूनां धैर्यादिभिः सह गलनक्रियायामेकस्यामेवाविविक्तः समावेशो दृश्यते; सेयमविविक्तकर्तृक्रियासमावेशा नाम वैसादृश्यवती सहोक्तिः ॥ - (**स॰ कं॰** पृ॰ ४८३)

૧૦. अत्र रात्रीणां श्वासाङ्गानां च दैर्घ्यगुणेन पाण्डुरत्वगुणेन चैकधर्मत्वम् । - (**अलं॰ महो॰** पृ॰ २३३)

૧૧. દંડીમાં આ ઉદાહરણ ગુણસહોક્તિ નામે છે. (**का॰ द॰** ૨।૩૫૨), હેમચન્દ્રમાં પણ છે, જોકે તેઓ કોઈ વિશેષ નોંધ આપતા નથી. (**काव्यानुशासन (का॰ शा॰)** સં૰ ૨૦ છો૰ પરીખ, મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ ૧૯૩૮, પૃ૰ ૩૭૮.

૧૨. ...सेयमविविक्तगुणसमावेशानामेवाद्यप्रयोगेऽपि ससादृश्या सहोक्तिः । (**स॰ कं॰** पृ॰ ४८४)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૩. **स॰ कं॰ पृ॰ ४०५**

૧૪. દંડીમાં (જુઓ **का॰ द॰** ૨/૧૬) આ ઉદાહરણનો પૂર્વાર્ધ છે અને આને તેમણે પ્રતીયમાન સમાનધર્મા વસ્તૂપમા તરીકે મૂલવી છે.

૧૫. દંડી (**का॰ द॰** ૨/૧૯૩)માં પૂર્વાર્ધ સમાન છે.

૧૬. જુઓ. **स॰ कं॰** ૪૦૭, રત્નેશ્વરની ટીકા.

૧૭. **स॰ कं॰**માં 'विशालेयम्' એવો પાઠ દ્વિતીય પંક્તિનો છે (પૃ. ૪૦૦).

૧૮. ભોજમાં જુદો પાઠ વાંચવા મળે છે. જેમ કે, सूर्यीयति सुधारश्मिर्मन्मथोऽतिमृतायते । (**स॰ कं॰** पृ॰ ४०४)

૧૯. अत्रापि 'कर्तुर्णिन्' (**हैम॰** ५/१/१५३) इति णिनि प्रत्यये द्योतकलोपः । (**अलं॰ महो॰** पृ॰ २३८) હેમચન્દ્ર પણ આ ઉદાહરણ આપે છે, જેમાં નિત્યસમાસમાં કર્તામાં 'णिनि' પ્રત્યયનો અને ઉપમાવાચકનો લોપ છે, એમ સમજાવ્યું છે. (**का॰ शा॰** पृ॰ ३४३)

૨૦. सेयमुपमानार्थप्रत्ययानाम प्रत्ययोपमासु पदोपमाभक्तिः । (**स॰ कं॰ पृ॰** ४०३)

૨૧. अत्र धर्मलोपो द्योतकार्थस्तु कल्पत्वादिभिः साक्षादभिहितः । ईषदपरिसमाप्तः पूर्णेन्दुरिति पूर्णेन्दुसदृशमित्यर्थः । न तु पूर्णेन्दुरेवेति रूपकं नाशङ्कनीयम् । (**अलं॰ महो॰** पृ॰ २३८)

૨૨. अत्र हाराङ्गरागयोर्धर्मयोर्निर्झर बालातपौ प्रतिबिम्बत्वेन निबद्धौ ॥ (अलं॰ महो॰ २४० અને अलं॰ स॰ રુય્યકકૃત **अलंकारसर्वस्व** સં૦ પં૦ રેવાપ્રસાદ દ્વિવેદી, ચૌખમ્બા, સંસ્કૃત સીરીઝ, વારાણસી ૧૯૭૧, પૃ૦ ૮૧.)

૨૩. अत्र हिमवत्पाण्ड्यगोर्निर्झरहारयोर्बालातपहरिचन्दनयोश्च परस्परमुपमानोपमेयविवक्षायां विशेषणविशेष्यभावपरिकल्पनेन वाक्यार्थयोर्द्वयोरपि कल्पितत्वादेकेनैवेवशब्देन तयोः परस्परमुपमानोपमेयभावोऽभिहितः इतीयमेकेवशब्दानाम वाक्यार्थोपमासु वाक्योपमाभक्तिः ॥-(**स॰ कं॰** पृ॰ ४०७)

૨૪. अत्रेन्दीवरादीनां नेत्रादीन्युपमानानीति विपर्यासस्योपमानतिरस्कारहेतुत्वाभावात् ।- (**अलं॰ महो॰** पृ॰ २४१)

૨૫. દંડી (**का॰ द॰** ૨।૧૭) પ્રસિદ્ધ વિગતના વિપર્યાસરૂપે આને સ્વીકારે છે.

૨૬. **अलं॰ महो॰** પૃ૦ ૨૪૧.

૨૭. મલ્લિનાથ અહીં વાક્યાર્થહેતુ કાવ્યલિંગ માને છે, જે ઉપમાથી મિશ્ર છે, પરંતુ 'અપકાર' શબ્દ વૈધર્મ્ય જ સૂચિત કરે છે. **સર્વંકષા** સાથે **શિશુપાલવધ**, સં૦ પં૦ દુર્ગાપ્રસાદ, નિર્ણયસાગર, મુંબઈ ૧૯૧૪, પૃ૦ ૪૧૬.

૨૮. **स॰ कं॰** पृ॰ ३७५ ५२ खेलत्खञ्जनपङ्क्तयः આવો પાઠ વાંચવા મળે છે.

૨૯. अत्रैकस्मिन्वस्तुनि वस्तुद्वयस्याभिधीयमानसामान्यप्रत्यक्षं तद्विशेषप्रत्यक्षावुभयविशेषस्मरणाच्च यो विमर्शः सोऽयमेकविषयः संशयः ॥ (**स॰ कं॰** पृ॰ ४४५)

૩૦. सादृश्यव्यतिरिक्तविषयं तु सन्देहं वितर्काख्यमलङ्कारान्तरमन्ये मन्यन्तेऽस्मन्मते तु विना सादृश्याधिकारमनेनैव सङ्गृहीतत्वान्न पृथग् लक्षणारम्भः । (**अलं॰ महो॰** पृ॰ २४७)

૩૧. મૂળમાં वैपरीत्येनाप्रतीतिः છે, પણ वैपरीत्येन प्रतीतिः પાઠ બરાબર લાગે છે. (પૃ. ૨૪૮)

૩૨. **स॰ कं॰**માં उवगएहि એવું પાઠાન્તર છે. (પૃ. ૩૬૪) (**अलं॰ महो॰**માં शुकवृन्दे એવી છાયા છે. (પૃ. ૨૪૮)

૩૩. **स॰ कं॰**માં मिअतहिणआहिं અને तह दूमि એવું પાઠાન્તર વાંચવા મળે છે. (પૃ. ૩૬૫).

૩૪. **स॰ कं॰** (પૃ. ૪૨૫)માં '**वेल्लितभ्रु**' પાઠ છે.

૩૫. इयं च मतान्तराभिप्रायेण स्वमते तु व्याजोक्तिरेवेयम् । (પૃ. ૨૫૧).

૩૬. આમ બે રીતે આ અલંકારનું અર્થઘટન થયું છે, વર્ણ્યમાન રાજાનું વિષ્ણુત્વરૂપે રૂપણ પ્રતીયમાન છે, જુઓ - इह प्राप्तश्रीकत्वात् पूर्वावस्थायाः प्राप्तश्रीकत्वादिना वर्ण्यमाननृपारोपितो विष्णुर्व्यतिरिच्यत इति **व्यतिरेकः** । (**अलं॰ महो॰** पृ॰ २७७).

૩૭. अत्र पूर्वार्धे गर्हा, उत्तरार्धे श्लाघा गम्यते, सेयं प्रतीयमानसादृश्योभयवती समासोक्तिः । (**स॰ कं॰** पृ॰ ४५९)

૩૮. अत्र पद्ये प्रस्तुते सत्पुरुषस्तुतिर्गम्या । (**अलं॰ महो॰** पृ॰ २८६)

૩૯. इत्यादावप्यप्रस्तुतप्रशंसां मन्यन्ते, तदसत्, यत्रोत्पलानीत्यादौ भेदेऽभेदरूपयाऽतिशयोक्त्यालङ्कृत्यात्मनो लावण्यसिन्धुरपरैव हीत्यत्राभेदेभेदरूपाया अतिशयोक्तेर्व्यतिरेकस्य वा विषयत्वात् । (**अलं॰ महो॰** पृ॰ २८७)

૪૦. **का॰ द॰** २/१४१.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org